વૈવિધ્ય



# ગરમીમાં ઘરને રાખો કુલ કુલ

**ગરમીનો પારો દિવસે ને દિવસે ઊંચો જતો જાય છે. AC હવે જાણે જરૂરિયાત બની ગયું છે. પરંતુ હંમેશાં તો AC ચાલુ ન જ રખાય ને! બિલનો પણ વિચાર કરવો પડે. ત્યારે ઘરનું ઈન્ટીરિયર આંખોને શીતળતા અને મનને શાતા આપતું હોવું જોઈએ. થોડા નાના નાના ફેરફારો કરી તમે ઘરનું ટેમ્પરેચર થોડેક અંશે ઘટાડી ઠંડકનો અહેસાસ કરી શકો છો**

## નેચરલ મટીરિયલ તથા અર્થી ટેક્સચર

ગરમીમાં ઘરને જીવંત લુક આપવા માટે સૌથી જરૂરી છે યોગ્ય રંગ, ફેબ્રિક અને મટીરિયલની પસંદગી. તો સૌથી પહેલાં તો આંખોને શીતળતા આપનાર પેસ્ટલ શેડ્સ, નેચર ઈન્સપાયર્ડ પ્રિન્ટ અને નેચરલ મટીરિયલ પર ફોક્સ કરો. બેજ, વ્હાઈટ, બ્લૂ, ગ્રે, કોરલ, ઓલિવ ગ્રીન જેવા લાઈટ કલર્સ, કોટન બેઝ્ડ સોફ્ટ ફર્નિશિંગ અને વુડ, માર્બલ, કેન, ટેકારોટામાંથી બનેલા ફર્નિચર- એક્સેસરીઝ ઘરમાં ઠંડક અને તાજગીનો અહેસાસ લાવવા સાથે રૂમને ખુલ્લો- મોટો લુક આપી શકે છે.

આ સિઝનમાં ઘરને નેચરલ અને અર્થી ટેક્સચર પ્રદાન કરો. જ્યુટ, વુડ, બ્રોન્ઝ મેટલ જેવી વસ્તુઓથી ઘર સજાવો.

## બ્લાઈન્ડ્સ

ઘરને સમર ફ્રેન્ડલી બનાવવા માટે પ્રખર તડકાને ઘરમાં આવતો અટકાવવો જરૂરી છે. એને માટે કોટન બ્લાઈન્ડસથી બહેતર કંઈ જ નથી. એ ઈન્ટીરિયરમાં નવીનતા લાવવા સાથે ઘરને ગરમ થતાં પણ બચાવે છે. શાનદાર લુક માટે દીવાલો સાથે મેળ ખાતાં રંગોના રોમન બ્લાઈન્ડ્સ લગાડો. આજકાલ પેસ્ટલ શેડ્સના ફ્લોરલ પ્રિન્ટવાળા બ્લાઈન્ડ્સ ટ્રેન્ડમાં છે.





## હેવી ડ્રેપ્સ કે કારપેટ ટાળો

સૌથી પહેલાં ઘરનાં ફર્નિશિંગ્સ બદલો. જાડા પડદા, કાર્પેટને બદલે લાઈટ ફેબ્રિકની ફર્નિશિંગ આઈટમ્સનો ઉપયોગ કરો. શિફોનના પડદા, કોટન-લિનનનાં બેડકવર્સ, જ્યુટના રગ્સ વગેરે આ મોસમ માટે પર્ફેક્ટ છે. કોટન, લિનન બામ્બુ કે અન્ય લાઈટ ફેબ્રિકના પડદા લગાડો જેમાંથી હવાની અવરજવર થતી રહે. સાટિન, સિલ્ક કે પોલિસ્ટર્સના બેડ લિનનને ઉનાળા પૂરતાં તો દૂર જ રાખો.

## ગ્રીનરી

ગરમીમાં રાહત આપતાં ફૂલછોડ ઘરના દરેક ખૂણામાં હોવા જોઈએ. પછી પ્લાન્ટર્સ હોય, હેંગિંગ બાસ્કેટ હોય કે ફ્લોરલ એરેન્જમેન્ટ. જો તમારું ઘર નાનું હોય તો હેંગિંગ કે વર્ટિકલ ગ્રીનરી ઓપ્શન ટ્રાય કરી શકો છો. નાના સિરામિક પોટ્સ, ખાલી બોટલ્સ, બોન ચાઈનાના મગનો ઉપયોગ ડેકોરેટિવ પ્લાન્ટ્સ માટે કરી શકાય.

ઈનડોર પ્લાન્ટ્સ આંખોને ઠંડક આપે છે. એને ડ્રોઈંગરૂમ, લોબી, સ્ટડી વગેરે જગ્યાએ રાખો. આ ઉપરાંત બારીની બહાર પ્લાન્ટર બોક્સિસ મૂકી જાતજાતનાં રંગબેરંગી ફૂલછોડ રાખી શકાય.

બાલ્કની, ટેરેસ ગાર્ડનની ફરસ પર આર્ટિફિશ્યલ ગ્રાસ મેટ લગાડાવો. બેસવા માટે વિકર, કેન ફર્નિચર કે કેનનો ઝૂલો રાખો. સાંજના આ જગ્યાએ સમય વિતાવો.

તાજગીભર્યા લુક માટે સ્ટાઈલિશ ગ્લાસ વાઝમાં ફ્રેશ ફ્લાવર્સ મૂકી લિવિંગ રૂમ સજાવી શકાય. એરિકા પામ, સ્નેક પ્લાન્ટ જેવા છોડ ઘરમાં રાખો. એ હવાની ગુણવત્તા સુધારી વાતાવરણને ઠંડું રાખે છે. અલગ લુક માટે એને સીશેલ્સ, ડ્રિફ્ટવુડ, હેન્ડ પેન્ટેડ રોક સ્ટોન વગેરેથી સજાવી શકાય.

## ક્રોસ વેન્ટિલેશન

બારીબારણાં યોગ્ય રીતે ખુલ્લાં-બંધ રાખવાથી ક્રોસ વેન્ટિલેશન થશે. બારીઓ ખુલ્લી રાખવાનો શ્રેષ્ઠ સમય છે સવારે પાંચથી આઠ અને રાત્રે આઠથી દસ. આ સમયે હવા ઠંડી હોય છે એટલે બારીઓ ખુલ્લી રાખવાથી કુદરતી હવાની અવરજવરથી ઘરમાં ઠંડક રહેશે. બપોરના સમયે બારીઓ બંધ રાખો.



## ટિપ્સ

- બ્લૂ-વ્હાઈટ કોમ્બિનેશન તાજગીનો અહેસાસ કરાવે છે. ઘરને સમર ફ્રેન્ડલી લુક આપવા આ પરફેક્ટ ચોઈસ છે.
- અલગ લુક માટે ક્યારેક ક્યારેક ન્યૂટ્રલ કલરના સોફા પર પિન્ક, બ્લૂ જેવા કલર્સના કુશન્સ મૂકો. જુદા જુદા કુશન્સની વચ્ચે લીફ પ્રિન્ટનું એક કુશન પેર કરી ઈન્ટીરિયરમાં ફ્રેશનેસ લાવી શકાય છે.
- ફ્લોરલ પ્રિન્ટવાળી ફર્નિશિંગ આઈટમ પસંદ કરો. એ ઘરને ખુશનુમા અહેસાસ આપે છે.
- નાની જગ્યાએ વધારે આર્ટ પિસિસ ન મૂકો. એનાથી ઘર ભરેલું લાગે છે અને ગરમીનો અહેસાસ થાય છે.
- ઠંડકના અહેસાસ માટે ઘરમાં વોટર ફીચર રાખો.
- યલો અંડરટોનવાળા બલ્બ, હેવી લુકવાળા શેન્ડેલિયર્સ અને મોટા ફ્લોર લેમ્પની જગ્યાએ સ્લીક લુકવાળી લાઈટ મુકાવો.